

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*તાલમેલ નથી સંસ્કૃતિ સાથે, અંગ્રેજી ચાલ છે,*
*વંઠેલા વીરોની, આ ખાવા-'પીવા' માટેની ઢાલ છે!*
*નાચે બેતાલ પારકી શાદીમાં અબ્દુલા દિવાના -*
*પાવન સહનશીલતાનું પર્વ આ નાતાલ છે...*
*(ડાન્સ ને દારૂપાર્ટીઓની ધાંધલ-ધમાલ)*

### હાઈકુ

*સમજ્યા વિના -*
*ઉજવાય ઉત્સવ -*
*અંધી નકલ!!*

*- પ્હેલાં સમજો!*
*જાણો ને પછી માણો -*
*ધર્મનો મર્મ...*

## ચિંતન

**અલબ્ધાવરણાઃ સર્વે ધર્માઃ પ્રકૃતિ નિર્મલાઃ ।**
**આદૌ બુદ્ધાસ્તથા મુક્તા બુધ્યન્તે ઈતિ નાયકાઃ ॥**

ઉપરોક્ત શ્લોક ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

સર્વ ધર્મો આવરણરહિત, સ્વાભાવિક રીતે જ નિર્મળ, નિત્ય-બુદ્ધ અને મુક્ત છે, એવું વિદ્વાનો જાણે છે (અથવા સર્વ ધર્મોને એવા જાણી શકાય છે એમ વિદ્વાનો કહે છે.

આવરણ એટલે અવિદ્યારૂપ બંધન. સર્વો ધર્મો બંધનરહિત છે તેમજ સ્વભાવથી જ નિર્મળ છે, એટલે પ્રાકૃતિક રીતે જ તેઓ શુદ્ધ, બુદ્ધ (સર્વજ્ઞ) અને મુક્ત છે. તો પછી એમને વિશે 'બુદ્ધયન્તે' એવું શા માટે કહ્યું છે. એવા પ્રશ્નના ઉત્તરમાં કહે છે કે જેમ સૂર્ય નિત્યપ્રકાશ સ્વરુપ છે. છતાં તેને માટે આપણે કહીએ છીએ કે 'સૂર્ય પ્રકાશે છે' પર્વત સર્વદા ગતિશૂન્ય હોય છે, છતાં આપણે 'પર્વત ઊભા છે' એવો વાક્ય પ્રયોગ કરીએ છીએ. એ જ પ્રમાણે જ્ઞાનીઓ, આત્મનિત્ય - શુદ્ધબુદ્ધ - મુક્ત સ્વભાવ હોવા છતાં તેમની બાબતમાં બુધ્યન્તે (જાણી શકાય છે) એવો પ્રયોગ કરે છે.

## સુવિચાર

- જીવનમાં થોડું અંધારું થવા દો સાહેબ,
  બધા સંબંધોના રંગ રેડિયમની જેમ ચોખ્ખા દેખાવા લાગશે - **એસ. ભટ્ટાચાર્ય**
- ધારેલા પૈસા કમાઈ લો, તો સફળતા કહેવાય,
  અને જયાં જાવ ત્યાં ઓળખાણ ના આપવી પડે એને સિદ્ધિ કહેવાય - **બોધિવૃક્ષ**
- તપાસમાંથી માત્ર ખામીઓ જ બહાર આવે છે, સત્ય નહીં - **સંત રોબિન**
- દુષ્ટ માણસનું હૃદય વાંકડીયા વાળ જેવું છે, બે છેડા પકડીને ખેંચો તો સીધું રહે, પણ ફરી પાછું પાછું અસર રુપમાં આવી જાય - **રામકૃષ્ણ પરમહંસ**
- આવતીકાલે એક મુર્ગી મળે એના કરતાં આજે એક ઈંડુ મળી જાય એ વધારે સારું - **અફઘાન કહેવાત**
- હું એક ખમીશ અને એક ઘોડા સાથે તદ્દન સુખી છું કારણ કે હું એક સમયે એકથી વધારે ખમીશ પહેરી શકતો નથી અને એકથી વધારે ઘોડા પર બેસી શકતો નથી - **ઝેન સાધુ**
- આજનું ઔષધ : ખાખરાનું લીલું પાન દૂધ સાથે ગરમ કરી પીવાથી બહેનોને ગર્ભસ્થાન સ્વસ્થ થાય છે.

**(સંકલન : દીપક વી. આશરા)**

## બોધકથા

છત્રપતિ શિવાજીના શાસનકાળનો પ્રસંગ છે એમના શાસનનો એક કડક નિયમ એવો હતો કે સૂર્યાસ્ય થાય એટલે કિલ્લાના દરવાજા બંધ કરી દેવા. એક બાઈ દૂધ વહેંચવાનું કામ કરતી હતી. તેનું નામ હીરાબાઈ હતું. હીરાબાઈને એક ત્રણ મહિનાનું બાળક હતું. એ નાના બાળને સાસુ પાસે મૂકીને તે દૂધ આપવા ગઈ હતી. પાછા ફરતા મોડું થયું. નગરમાં પ્રવેશદ્વારો બંધ થઈ ચૂક્યા હતા. એને પોતાનું નાનું બાળ યાદ આવ્યું. જે દૂધ માટે વલખાં મારતો હશે. એ વિચારે તે ધ્રુજી ગઈ. કોઈ પણ ઉપાયે નગરમાં પ્રવેશ કરવાની જીદ સાથે એણે એક જગ્યાએ ગાબડું પડેલું જોયું. પણ એ ગાબડાની પેલી પાર ઊંડી ખાઈ હતી. જો જરા પણ ગફલત થાય તો મોત નક્કી હતું. પણ માતૃપ્રેમ કોને કહેવાય ? એ હીરાબાઈએ મોતને હથેળીમા લઈને ઝંપલાવ્યું અને ખીણ ઓળંગી ગઈ. જયારે શિવાજી મહારાજે આ સત્ય હકીકત જાણી ત્યારે તેઓ આશ્ચર્ય ચક્તિ રહી ગયા. નિયમનો ભંગ કરી નગરમાં પ્રવેશવાનો બાઈનો ગુનો હતો, પણ શિવાજીએ આંખમાં આંસુ સાથે માફ કર્યો. અને પુત્ર વત્સલ માતાની એમણે કદર કરી. મા-દીકરાના પ્રેમની યાદમાં એમને ત્યાં એક બુરજ બંધાવ્યો. એ બુરજમાં નામઆપ્યું. 'હીરાકણીનો બુરજ' જે આજે પણ અડીખમ ઊભો છે. આ બુરજ મા-દીકરાના પ્રેમની યાદ અપાવે છે.

# 'ગુપકર' કાશ્મીર માટે લાભદાયી નથી

**તંત્રીસ્થાનેથી...**

જમ્મુ અને કાશ્મીરની જિલ્લા વિકાસ પરિષદની ચૂંટણી હેમખેમ સંપન્ન થઈ અને એમાં અત્યાર લગી વિધાનસભા કે લોકસભાની ચૂંટણીઓ કરતાં પ્રજાજનોએ વધુ નિર્ભયતાપૂર્વક માતબર સંખ્યામાં મતદાન કર્યું તે ઘણી આશાસ્પદ ઘટના છે. અલબત્ત, અલગતાવાદીઓનું કોઈ જ ફરમાન આ ચૂંટણી દરમિયાન આ બેઉ પ્રદેશોમાં ચાલ્યું નથી. બુરહાન વાનીને કાશ્મીરની કહેવાતી આઝાદીની લડતનો હીરો બનાવીને નીકળેલાઓને પ્રજાએ દાદ આપી નથી. ૩૭૦ની કલમને પુનઃસ્થાપિત કરવાના રાજકીય એજન્ડા સાથે ચૂંટણીમાં ઊતરેલા ગુપકર સંગઠનને જરૂર સૌથી વધુ બેઠકો મળી છે, પણ એ સ્થાનિક રાજકીય પાર્ટીઓના સંયુક્ત ઉમેદવાર હતા એથી મોટી સંખ્યામાં ચૂંટાયેલ છે. એમની સામે ભારતીય જનતા પાર્ટી એકલા હાથે સિંગલ લાર્જેસ્ટ પાર્ટી તરીકે ઊભરી આવી છે. તે કોઈ નાનીસૂની સિદ્ધિ નથી. ગુપકર રોડ પર આવેલા ડૉ. ફારુક અબ્દુલ્લાના નિવાસસ્થાને સમાન વિચારધારા - એટલે કે જમ્મુ અને કાશ્મીરના વિશિષ્ટ સ્ટેટ્સ અને આગવી ઓળખના મુદ્દે એકઠા થયેલા સ્થાનિક રાજકીય પાર્ટીઓના નેતાઓ લાંબી લડત માટે ગઠબંધન રચ્યું હતું અને ડૉ. ફારુક અબ્દુલ્લાને એના અધ્યક્ષ તથા પીડીપીનાં અધ્યક્ષા પૂર્વ મુખ્યમંત્રી મહેબૂબા મુફતીને ઉપાધ્યક્ષ પદે નીમ્યા હતા. અત્યાર સુધી કોંગ્રેસ પણ ડૉ. અબ્દુલ્લાની પાર્ટી - નેશનલ કોન્ફરંસ સાથે ગઠબંધન કરતી રહી હતી. ૩૭૦મી કલમ મુદ્દે એને રાષ્ટ્રીય પરિપ્રેક્ષ્યમાં મૌન રહેવું પડે એવી સ્થિતિ સરજાયેલી છે. જિલ્લા વિકાસ પરિષદમાં સ્વાભાવિક રીતે જ ખીણ વિસ્તારમાં સ્થાનિક પાર્ટીઓનો દબદબો રહ્યો છે પણ સૌથી મોટી પાર્ટી તરીકે સમગ્ર પ્રદેશની રૂએ ભાજપ મેદાન મારી ગયું છે. વળી એકાવન જેટલા અપક્ષ ઉમેદવારો ચૂંટાયા છે તે સૂચવે છે કે મતદાતાઓને વિકાસકાર્યોમાં અને સારા ઉમેદવારોમાં રસ છે. તેઓ પાર્ટી કરતાં વ્યક્તિને વધુ પસંદ કરે છે. જો આ અપક્ષો વિકાસના મુદ્દે ભાજપને સાથ આપે અને કોંગ્રેસના ચૂંટાયેલા સદસ્યો તટસ્થ રહે તો જિલ્લા વિકાસ પર ગુપકર ગઠબંધનનો દબદબો ડામી શકાય એમ છે. કદાચ ગુપકર ગઠબંધનના હાથમાં જ સત્તાનાં સૂત્રો આવે તો પણ એટલું તો સુનિશ્ચિત થઈ ચૂક્યું છે કે કેન્દ્ર કોઈ પણ સંજોગોમાં જમ્મુ અને કાશ્મીર મુદ્દે લીધેલ નિર્ણય સબબ પારોઠનાં પગલાં ભરશે નહીં. જો જમ્મુ અને કાશ્મીરની પ્રજાને સુખ-શાંતિપૂર્વક દેશનાં બાકીનાં રાજયોની જેમ સમાન સ્તરે જ રહેવાની તૈયારી રાખવી પડશે. એવા સંજોગોમાં જમ્મુ અને કાશ્મીરનું છીનવાયેલું સંપૂર્ણ રાજયનું સ્ટેટ્સ એને પાછું આપવાની કેન્દ્ર સરકારની તૈયારી છે. કેન્દ્ર સરકાર એને પૂર્ણ રાજયનો દરજ્જો પરત કરી વેળાસર ચૂંટણી આપવા માંગે છે. જેથી પ્રજાને ગર્વનર શાસનથી મુક્તિ મળે અને ચૂંટાયેલી સરકાર પ્રાપ્ત થાય. ગુપકર ગઠબંધન એના અલગતાવાદી અને આતંકી પાકિસ્તાન તરફી એજન્ડાને હવા આપતું રહેશે ત્યાં સુધી કેન્દ્ર નમતું જોખશે નહીં. નજરકેદ ભોગવી બહાર આવેલ ડૉ. ફારુક અબ્દુલ્લા, મહેબૂબા મુફતી અને ઓમર અબ્દુલ્લા જેવા નેતાઓ માટે ૩૭૦ની કલમ ગળાની ફાંસ બની ચૂકી છે. તેઓ એની પુનઃ સ્થાપનાની જીદ નહી છોડે ત્યાં સુધી કેન્દ્ર જમ્મુ અને કાશ્મીરને પૂર્ણ રાજયનો દરજ્જો નહીં જ આપે - લદાખ તો અલગ થવા જ માગતું હતું એટલે એ હંમેશ માટે અલગ જ રહેશે. પરંતુ ભારતની આઝાદી વખતે કાશ્મીર ખીણનું શ્રીનગર અને જમ્મુ-બેઉ એ સમયના રજવાડાની રાજધાનીઓ હતી. બેઉ એકમેક સાથે ભૂમિ તથા માનવીય સંબંધોથી સંકળાયેલ છે. અલબત્ત, ખીણમાંથી પંડિતોને હાંકી કઢાયા પછી ત્યાં મુસ્લિમોની જ ભારે બહુમતી છે. જમ્મુમાં હિંદુઓ અને શીખોની વસતિના બળ પર ભારતીય જનતા પાર્ટીએ મહેબૂબા મુફતી સાથે સરકારમાં ભાગબટાઈ કરી હતી. જો કે એ કૃત્રિમ ગઠબંધન હોઈ લાબું ચાલી નહોતું શક્યું. કોંગ્રેસે નેશનલ કોન્ફરંસ અને પીડીપી સાથે વારંવાર ગઠબંધન કરવાની નિષ્ફળ કોશિશ કરેલી છે. કોકડું ઉકેલવા માટે અલગતાવાદીઓ સામે લાલ આંખ કરીને અને આર્મીને છૂટોદોર આપીને કેન્દ્ર પણ વિવિધ શક્યતાઓ તપાસવું રહ્યું છે. જિલ્લા વિકાસ પરિષદની ચૂંટણીમાં સુવાંગ બહુમતી નહીં મળતાં ગુપકર ગ્રુપ ઠંડું પડે તો નવાઈ નહીં.

## ન કોઈ મરતા હૈ, ન કોઈ મારતા હૈ; યે મૈં નહીં કહતા ગીતા મે લિખા હૈ



**ડાયલોગથી દેવભાષા**

ડૉ. જય ઓઝા

**ન કોઈ મરતા હૈ, ન કોઈ મારતા હૈ; યે મૈં નહીં કહતા ગીતા મે લિખા હૈ**

**- અક્સ**

રાકેશ ઓમપ્રકાશ મહેરા દિગ્દર્શિત અને અમિતાભ બચ્ચન, મનોજ વાજપાઈ, રવીના ટંડન અભિનીત આ ફિલ્મ ૨૦૦૧માં પ્રદર્શિત થઈ હતી. આ ફિલ્મને ફિલ્મફેરનો ક્રીટિક્સનો ઉત્તમ અભિનેતાનો એવોર્ડ મળ્યો હતો. વર્ષ ૨૦૦૧ ફિલ્મ રસિયાઓ માટે સુવર્ણ-વર્ષ હતું. આ વર્ષે એકસાથે ઘણી યાદગાર ફિલ્મો આવી હતી. લગાન, કભી ખુશી કભી ગમ, ગદર, અક્સ, દિલ ચાહતા હૈ, નાયક, ચાંદની બાર, ઝુબૈદા....યાદી હજી ઘણી લાંબી છે. ક્રિટીક્સની રીતે અને કોમર્શીયલ હીટ આ બંને માધ્યમો પ્રમાણે આ વર્ષ જોરદાર રહ્યું હતું.

અક્સ ફિલ્મના સંવાદ કમલેશ પાંડેએ લખ્યા હતા. આ ફિલ્મને ક્રિટીક્સે વખાણી હતી તો બોક્સ ઓફિસ પર સેમી હીટ રહી હતી. મનોજ વાજપાઈ અને અમિતાભ બચ્ચન બંને અભિનય-સમ્રાટોને એક સાથે જોવાનો લ્હાવો ચૂકવા જેવો નથી. મનોજ વાજપાઈ દ્વારા બોલાયેલ આ સંવાદમાં જ આમ તો ગીતામાંથી આ કહેવાયું છે, તે સૂચવી જ દીધું છે.

તો પછી, ગઈકાલે જ ગીતાજયંતી હતી, માટે ગીતાના જ શ્લોક દ્વારા ઉપરોક્ત સંવાદના તાલમેલને સમજીએ.

**ય ન વેત્તિ હન્તારં યશ્ચૈનં મન્યતે હતમ ।**
**ઉભૌ તૌ ન વિજાનીતો નાયં હન્તિ ન હન્યતે ॥**

**- શ્રીમદ ભગવદ ગીતા**

એ જે મારે છે એમ જે માને છે અથવા એને મરાય છે એમ જે માને છે, તે બંનેને ખરું જ્ઞાન નથી. કારણ આ(આત્મા) મારતો પણ નથી તેમ મરાતો પણ નથી.

ગીતાના બીજા અધ્યાયનો આ ૧૯મો શ્લોક છે. ગીતા વિશે તો શું કહીએ ! વેદ-વ્યાસજીએ મહાભારતના ભીષ્મ-પર્વમાં ૧૮ અધ્યાયમાં આ શાશ્વત ગ્રન્થની પ્રસ્તુતિ કરી છે.

મુંજાય છે તું માનવ શાને ? ખોલ ગીતા ઉકેલ છે પાને-પાને..

મનુષ્ય-જીવનમાં ઘડી-ઘડી આવતી મુશ્કેલીઓનો તોડ આ ગ્રંથ પાસે છે. જન્મ-મૃત્યુ, કર્મ-અકર્મ, જ્ઞાન-યોગ, કર્તવ્ય-પરાયણતા આ દરેક વિષય માટે ગીતાજી વાંચવી અને સમજવી આવશ્યક છે.

- jayuoza@gmail.com, Mo.9898046488

## 'પાદપૂર્તિ સ્પર્ધા-૨૦૨૦' નું આયોજન



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગુજરાતી ભાષા સાહિત્ય કેન્દ્ર,ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય, ગાંધીનગર દ્વારા, જ્ઞાનયજ્ઞના યાજ્ઞિકઃ હસુ યાજ્ઞિકને ભાવાંજલિ અર્પણ કરવા, તારીખ ૧૮મી ડિસેમ્બર,૨૦૨૦ ના રોજ, 'ડૉ.હસુ યાજ્ઞિક અને હું' વિષયે ઑનલાઈન ભાવાંજલિ સભા; માન. શિક્ષણ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા અને મોરારિબાપુ તથા ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલયના કુલપતિ પ્રોફે.રમા શંકર દૂબે તથા કુલ સચિવ પ્રોફે.આલોક કુમાર ગુપ્ત; પ્રોફેસર અને ડિન SLL& CS (UG) પ્રો.અતનું ભટ્ટાચાર્યની વિશેષ ઉપસ્થિતિમાં અને પ્રોફે. રાજેશ મકવાણાની ભૂમિકામાં યોજાઈ ગઈ.સભાનું સંચાલન ડૉ.અજયસિંહ ચૌહાણે કર્યું હતું.ડૉ. હસુ યાજ્ઞિક એવી પ્રતિભા હતા કે, જેમની યશસ્વી કલમે ગુણવત્તાસભર અને ગણનાપાત્ર પુસ્તકો સાહિત્ય જગતને પ્રાપ્ત થયાં છે. લોક સાહિત્ય,વિવેચન, સંશોધન, સંગીતકલા, આધ્યાત્મવિદ્યા, નવલકથા, નવલિકા, નિબંધ, સંપાદન વિગેરે વિવિધ ક્ષેત્રમાં એમનું મહત્વપૂર્ણ પ્રદાન રહ્યું છે. ભારતીય પ્રાદેશિક ભાષાના લોકસાહિત્ય સાથે ગુજરાતી લોકસાહિત્યની વિગતે તુલનાત્મક અભ્યાસ કરનાર સંશોધક તરીકે તેમનું યોગદાન ચિરસ્મરણીય રહેશે. જ્ઞાનયજ્ઞના યાજ્ઞિક એવા યાજ્ઞિકના સમકાલીન હોવાનું ગૌરવ ધરાવતા સુજ્ઞજનોએ ભાવાંજલિ સભામાં ખાસ ઉપસ્થિત રહી, ભાવાંજલિ અર્પણ કરી હતી.

● ગુજરાત સાહિત્ય સંગમ, ગાંધીનગર દ્વારા એક 'પાદપૂર્તિ સ્પર્ધા-૨૦૨૦' યોજવામાં આવેલ છે, જેમાં નીચે આપેલ બે મિસરા પૈકીના કોઈ એક પર સર્જન કરવાનું રહેશે. (૧) સાવ અમારી જાત અલગ છે,કરવી છે તે વાત અલગ છે... કવિ રાજેન્દ્ર શુક્લ. (૨) આંખોથી નીકળી અને હોઠો સુધી ગયી... કવિ કૈલાસ પંડિત. સ્પર્ધકે gujaratsahityasangam@gmail.com પર તા.૩૧-૧૨-૨૦૨૦ સુધીમાં, પૂર્ણ નામ, જન્મતારીખ, સરનામું, વૉટ્સએપ નંબર અને ઈ-મેલ આઈડી સાથે, સંસ્થાને રચના મોકલવા જણાવાયું છે.

- muljibhaidadhi@gmail.com
(M)9824236893

# શ્રીકાન્ત આપટે : (હું) સરલ આદમીની વિરલ આત્મગાથા



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

નાના ગણુ (ગણાપતિ)ને પોતાના મોસાળમાં નાનીમા કહે છે : "બેટા, તારો જન્મ આપણે જયાં ઊભા છીએ તેજ ઓરડામાં થયેલો. અહીંજ તારી માનું મૃત્યુ પણ થયું હતું." વાત કરતા કરતા નાનીની આંખો ભરાઈ આવે છે. ગણું ઊંડા વિચારમાં પડે છે. "જન્મદાત્રી ક્યાં ગઈ ? શા માટે ગઈ ? ભગવાનને ઘેર ગઈ ? શું ત્યાં રોજ મીઠાઈ મળતી હશે ? કહે છે એને મૃત્યુ લઈ ગયું. આ મૃત્યુ શું છે ? કાળું છે કે ગોરું ? માને લઈ જતી રોકવા મૃત્યુને ઘરમાંથી કોઈએ કેમ પકડ્યું નહિ ? હું મોટો થઈશ ત્યારે મૃત્યુને ટીપી નાખીશ. મામાએ બિલાડીને આપ્યો હતો તેવો મેથીપાક હું નઠારા મૃત્યુને આપીશ." બાળક ગણુના મનમાં વિચારોની હારમાળા શરૂ થાય છે. મા પ્રત્યેનો સ્નેહ અને મૃત્યુ તરફની ધૃણા કેવી રીતે વ્યક્ત કરવી ? અચાનક નાની શાળાએ જવા ગણુને સાદ પાડે છે અને ફરી વાસ્તવિક ભૂમિ પર આવી જાય છે. મુઠ્ઠી ભરીને ખિન્નતા સાથે.

આ ગણુ – ગણપતિ એટલે શ્રીકાન્ત આપટે. કાળના વેગવાન પ્રવાહ સામે પોતાની જીવનનૈયાને હંકારી જનાર મહારાષ્ટ્રના આ વિચારકને ગુજરાત (રાંદેર-સુરત) સાથે એટલોજ સંબંધ રહ્યો છે. "દુઃખ એજ જીવનસિધ્ધિનો ખરો મંત્ર" તેવી દ્રઢ માન્યતા સાથે તેઓ જીવતરની ભિન્ન મહેક મૂકીને ગયા. "એક વિચિત્ર વ્યક્તિ કી દેહાત્મકથા" એવા નામથી હિન્દીમાં તેમની આત્મકથા પ્રગટ થઈ. (મુખ્ય મથાળું : મૈં) ગુજરાતીમાં આપણી સાહિત્ય પરિષદે "હ" એવા નામથી ભાષાંતર પ્રગટ કર્યું. (૧૯૯૩) પ્રાધ્યાપક પુરુષોત્તમ માવળંકરે આપટેજીને બુધ્ધિપ્રધાન નહિ પરંતુ હૃદયપ્રધાન ચિંતક ગણ્યા છે. આપટેજીને બોધવચનોની ભારે સૂગ તથા ચીડ છે. તેમની દિશા કથની કરતા કરણી પર વિશેષ છે. "એકલો જાને રે" એ કવિગુરુ ટાગોરની કવિતા ગણગણાવતા આપટેજી સ્વનિર્ધાર અને સ્વબળે જીવનમાં ચાલ્યા છે. તેઓ ગાંધી –વિનોબાના નિકટ સમાગમમાં ખરા પરંતુ વ્યક્તિત્વ સ્વતંત્ર તેમજ નિરાળુ હતું. નાનીમાએ એક વાત શીખવી હતી : "જેટલો વ્યાપ તેટલો સંતાપ" આ વાતનેતેઓ સમજ્યા અને જીવનને સાદગી તથા સંતોષની દિશામાં દોર્યું. મહારાષ્ટ્રની ગૌરવપૂર્ણ સંતમાળામાં જ્ઞાનેશ્વર, એકનાથ, નામદેવ, તુકારામ તથા વિનોબાજી અને સાને ગુરુજી જેવા લોકો પણ યાદ આવે. આ ઉજળી કડીના એક મણકા સમાન શ્રીકાન્ત આપટે હતા. તેઓ કહેતા : "મારે માણસ બનવું છે. માણસાઈની મંજિલે પહોંચવું છે. તે માટે સાંપ્રદાયિક્તાના શીંગડાની ક્યાં જરૂર છે ?"

શ્રીકાન્ત આપટેના પિતા ભારત સરકારમાં અધિકારી એટલે દેશમાં ગમે તે સ્થળે તેમની બદલી થઈ શકે. પિતાની બદલી પુનાથી રાજકોટ થતાં બાલ્યાવસ્થામાં મોસાળમાં રહ્યા. મામાના ઘરનું આંગણું સાફ કરવા માટે એક કામ કરનારા બહેન આવે જેમનું નામ સુગંધીબાઈ હતું. બાળક આપટે કહે છે કે માતાના મૃત્યુ બાદ સુગંધીબાઈ આ વહાલસોયા અને નમાયા બાળકને વહાલ કરે. "નાનપણમાં કોઈની મા મરશો નહિ" તેવું પણ તે ગણગણ્યા કરે. આંગણું વાળવા બદલ જુવારનો એક રોટલો સુગંધીને મળે. મોટાભાગે બાળક ગણુ આ કામ હોંશે હોંશે કરે. ઘરના બીજા સભ્યો આ કામ કરવા રાજી નહિ. કારણ એટલુંજ કે સુગંધીના પાલવનો છેડો પણ રોટલો આપતી વખતે અડી જાય તો ધર્મનું શું થાય ? ધર્મ ભ્રષ્ટ થાય. પાછળથી શ્રીકાન્ત લખે : ધર્મ દોદળો થઈ ગયો હતો. તૂટવાનું નિમિત્તજ શોધતો હતો. સુગંધીને બાળક નહિ અને ગણુ (શિષુ-શ્રીકાન્ત)ને મા નહિ. કોઈ અજાણ્યા સ્નેહના ખેંચાણે બન્નેમાં સ્નેહ અને વાત્સલ્યની સરવાણી ફૂટ્યા કરે. એક દિવસ તહેવારનો દિવસ હોવાથી થોડી મીઠાઈ સુગંધીને પણ આપવામાં આવી. મીઠાઈ લઈને અચાનકજ ગણુને કહે : "બેટા ગણુ, મોં ખોલ" બાળકે મોં ખોલ્યું અને સુગંધીએ બાળકને આપેલો મીઠાઈનો ટૂકડો બાળકના મોંમાં મૂકી દીધો. બાળકે ગમતી મીઠાઈ રસથી આરોગી. સુગંધીને મીઠાઈ ખાવા કરતા વિશેષ સંતોષ થયો, પરંતુ આ શુધ્ધ મીઠાઈ અશુધ્ધ હાથે ખવાય શી રીતે ? મામીએ બારીમાંથી દ્રષ્ય જોયું હતું. મામીના 'શુધ્ધ ગાળો'ના સૂત્રોનો પ્રહાર સુગંધી પર સંપૂર્ણ તીરસ્કાર સાથે થયો. મામા પણ ભગવાનની પૂજા કરીને પરવાર્યા હતા એટલે સહધર્મિણીની મદદે આવ્યા. મનમાં ભગવાનનું સ્થાન (કદાચ હોય તો) શેતાને લીધું. સુગંધીને ગાળો અને ગણુને બેસુમાર મેથીપાકનો લહાવો મળ્યો. સુગંધીને ઘરમાં આવવા પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો.

શ્રીકાન્ત ભગવા પહેર્યા સિવાય સાધુવત જીવન જીવી ગયા. ઊંચનીચના ભેદભાવ સામે ઝઝૂમતા રહ્યા. તેઓ કહેતા : "મેં ભગવા વસ્ત્રો ધારણ કર્યા નથી. નહિતર તો મારી કેવી હાલત થાત ? મારી પ્રસિધ્ધિને પણ રોકવાનો મારો યથાશક્તિ પ્રયાસ છે. નહિતર લોકો ચરણસ્પર્શ કરી મારા બૂરા હાલ કરી મૂકત !"

કવિ ઉમાશંકર જોશીના કૃષ્ણ – કર્ણ સંવાદ કાવ્યમાં કર્ણ ગૌરવથી કહે છે :

"કે હીન જન્મે નવ હીન માનવ
કે હીન કર્મે કરી હીન માનવ"


સમાજના માનસમાં ઊંડે સુધી પ્રસરેલા આ ઝેરને કારણે ઘણા અન્યાય થયા છે. જન્મહીણા કે ચામડીના રંગ પરથી માણસની કિમ્મત કરવાની પ્રથા ઘણાં અંશે નિર્મૂળ થઈ હોવા છતાં ઘરઆંગણે કે વિદેશની ધરતી પર થતી ઘટનાઓ સાંભળી - વાંચી વિષાદનો ભાવ થાય છે. કેટલા ગાંધી - આંબેડકર કે જ્યોતિબાની હજુ જરૂર પડશે ? કટાયેલા મન કાયદાથી તો સુધરતા નથી. રામજી વાણીયા લખે છે :

માનવના મનડા કટાણાં,
સરાણીયા ! માનવના મનડા કટાણાં.
એ પારસ અડચેના પલટાણા,
માનવના મનડા કટાણાં.

શ્રીકાન્ત આપટે સમાજમાં પ્રવર્તતી ધર્માન્ધતા કે સાંપ્રદાયિક્તાની સામે પણ સતત લડતા રહ્યા. શ્રીકાન્ત આપટે જેવા લોકો આપણી ઉજળી વિરાસત છે.

# બૌદ્ધિકોએ પણ સમાજ માટે શારીરિક મજૂરી કરવી પડે

## ગીતા જયંતિએ અનાશક્તિના યોગી ગાંધીના વિચારો



**ગાંધી ૧૦૦**

ડૉ. રાજેન્દ્ર જાની

સામાજિક વ્યવસ્થામાં કુટુંબ એ મહત્વની સંસ્થા છે. જેમ વ્યવસ્થામાં તેનું મહત્ત્વ છે એમ સામાજિક વ્યવસ્થા માટે પણ અગત્યનું એકમ કુટુંબ છે. મહાત્મા ગાંધી આ બરાબર સમજતા હતા. એથી તો એમણે દક્ષિણ આફ્રિકા અને હિન્દુસ્તાનમાં કુટુંબ સહજીવન આશ્રમ વ્યવસ્થા હેઠળ પ્રયોજ્યું હતું.

ગાંધીજી પણ કુટુંબ અને કૌટુંબિક ભાવનામાં માનનારા માણસ છે. અને કુટુંબની સંસ્થાના આકારમાં અમુક હદની ખાનગી મિલકતનો સ્વીકાર આપોઆપ આવી જાય છે. પરંતુ એ અંગત મિલકત બીજા કોઈના શોષણનું પરિણામ હોવી ન જોઈએ. ગાંધીજીની યોજનામાં દરેક જણે મહેનત કરવાની જ છે; અને કોઈ માણસ બૌદ્ધિક કામ કરતા હોય તો પણ તેણે પિતાને માટે નહીં તો સમાજને માટે પણ કાંઈક શારીરિક મજૂરી કરવી જ જોઈએ. એમ સ્પષ્ટ વાત તેમની હતી.

વિકેન્દ્રિત ઉદ્યોગ અને ખેતીને ગાંધીજીનો ખ્યાલ, ઉચ્ચતર જીવનમાં ભૌતિક પદાર્થો અને સુખસગવડના સ્થાન વિષેની તેમની કલ્પના ઉપર રચાયેલો છે. તે એમ માને છે કે, સંસ્કારી, સુંદર અને નૈતિક જીવન ગાળવા માટે અમુક પ્રમાણમાં ભૌતિક ભોગપદાર્થોની જરૂર છે. તેમણે ઘણી વાર કહ્યું છે કે, આમજનતામાં રોટી મારફતે, - અર્થાત તેમની શારીરિક જરૂરિયાતો વધુ સારી રીતે પૂરી પાડવાની તાકાત વડે જ આધ્યાત્મિકતા પ્રગટાવી શકાય. આમ જોકે તે એમ માને છે કે, ભૌતિક અને આધ્યાત્મિક વચ્ચે આંતરિક સંબંધ છે, તો પણ તેમને એમ લાગે છે કે, ભૌતિક માલમિલકત એ માત્ર સાધન છે, સાધ્ય નથી. અમુક હદ સુધી વ્યક્તિના વિકાસમાં તે જરૂરી છે. પરંતુ તેને માટે હદ બહારની ધખણુ એ તો પ્રગતિને મદદગાર નીવડવાને બદલે રોધક જ બની રહે. માત્ર ઈંદ્રિયભોગ માટે તેની પાછળ દોડવું એ તે હાનિકારક વસ્તુ છે. તે તે અતર્પ્ય અને હંમેશ વધતી જતી તૃષ્ણા, સત્તાની ભૂખ અને દોરદમામ તરફ જ લઈ જાય છે. અમુક ચોક્કસ હદ પછીની કામના અને તૃષ્ણા તો વ્યક્તિને ગુલામ બનાવી મૂકે છે. એ ગુલામી સ્મૃતિભ્રંશ અને બુદ્ધિનાશ તરફ લઈ જાય છે. ત્યાર પછીની કામના છે ને તૃષ્ણા નિરોગી શારીરિક જીવનના આવિષ્કારરૂપ નથી રહેતાં. તેને બદલે તેઆ આખા શરીર ઉપર પોતાનું વર્ચસ્વ જમાવે છે. આમ વ્યક્તિની સંકલ્પશક્તિ શિથિલ થઈ જાય છે અને તેનું વ્યક્તિત્વ ગુમ થઈ જાય છે. તેથી કરીને ગાંધીજી ગીતાના નીચેના શ્લોકોમાં કહેલી વાતને પૂરેપૂરી માને છે, અને તે શ્લોકો આશ્રમની, પ્રાર્થનામાં સ્થાન પામ્યું હતું. ગીતા જયંતિએ તેને યાદ કરીયે.

વિષયોનું રહ્યો ધ્યાન
તેમાં આસક્તિ ઉપજે,
જન્મે આસક્તિથી કામ,
કામથી ક્રોધ નીપજે;
ક્રોધથી મૂઢતા આવે,
મૂઢતા સ્મૃતિને હરે,
સ્મૃતિલોપે
બુદ્ધિનાશ,બુદ્ધિનાશે વિનાશ છે.
(૨, ૬૨-૩)

તેથી કરીને બધા પ્રકારના નીરોગી સામાજિક જીવન અને યથાયોગ્ય સામાજિક સ્વાથ્ય માટે ભૌતિક ભોગપદાર્થો માટેની કામના તેમ જ માલક ઉપર કડક નિયમન હોવું જોઈએ, એ વસ્તુ બાહ્ય રીતે વિકેન્દ્રિત વેપાર-ઉદ્યોગ દ્વારા અને માનસિક રીતે એવી કેળવણી દ્વારા સિદ્ધ થઈ શકે, કે જે કેળવણી ભૌતિક પદાર્થો ઉપર પ ઊભો કર્યા વિના સારા જીવનની દષ્ટિએ તેમની મર્યાદાનું ભાન કરાવે. એવી કેળવણી ભૌતિક જીવન ઉપર વધારે પડતો ભાર નહીં મૂકે, તથા પ્રથમ સ્થાને મૂકવા યોગ્ય વસ્તુને પ્રથમ સ્થાન આપશે.

આ વસ્તુ જીવન વિષેની ભૌતિક કલ્પનાના પ્રત્યાઘાતરૂપ છે. ભૌતિક કલ્પના ભોગપદાર્થોની માલિકી અને ઉપભોગ ઉપર કશી મર્યાદા મૂકતી નથી. તેમાં કાંઈ પણ મર્યાદા હોય તો તે વ્યક્તિની ભોગ ભોગવવાની શારીરિક શક્તિની. સમાજવાદ અને સામ્યવાદ બીજી મર્યાદા મૂકે છે તે એ છે કે, બધાને એ બાબતમાં સરખો ભાગ મળવો જોઈએ. શારીરિક જીવન તેમ જ ભૌતિક ભોગપદાર્થોના ઉપભોગ અને માલિકીમાંથી મળતા સુખ વિષે જડવાદી કોઈ પ્રકારની અશ્રેયબુદ્ધિ નથી રાખત. તેની બૂમ હંમેશાં બધાંને એકસરખા મૂડીદાર કરી મૂકવાની હોય છે; અને બધા એકસરખા મૂડીદાર થઈ જાય, ત્યાર બાદ તે પ્રગતિમાન વિજ્ઞાન જેટલી હદ સુધી ઉપભોગના પદાર્થો વધારી શકે તેટલી હદ સુધી તેમને વધારી મૂકવાની તેની મુરાદ હોય છે. ઉપભોગના પદાર્થો તથા તેમને માટેની કામના વધારતા જવામાં ઉચ્ચ જીવનને કશી આંચ આવતી હોય એમ જડવાદી માનતો નથી. વસ્તુતાએ, તેને મતે, વધેલી જરૂરિયાત એ તે સંસ્કારિતા અને સુધારાની સાબિતી છે.